# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દમણમાં બે હજાર 970 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનો પ્રારંભ કરાવ્યા બાદ ભારતીય અર્થતંત્રને મજબૂત ગણાવ્યું.

2) ખેત બચાવો અભિયાનમાં દેશના નવ લાખથી વધુ ખેડૂતો જોડાયા.

3) CBSEએ માર્ક્સ વેરિફિકેશન અને રિ-મૂલ્યાંકન માટે અરજી કરવાની મુદત આવતીકાલ સુધી લંબાવી.

4) રશિયાના રાષ્ટ્રપ્રમુખ પુતિને યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકી સાથેના રૂબરૂ મુલાકાતના પ્રસ્તાવને નકાર્યો.

5) નોર્વે ચેસ સ્પર્ધાનો ખિતાબ જીતીને આર. પ્રજ્ઞાનાંધાએ ઇતિહાસ રચ્યો.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM DAMAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારતીય અર્થતંત્રનો પાયો અસાધારણ રીતે મજબૂત છે. કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં બે હજાર 970 કરોડ રૂપિયાથી વધુના વિકાસલક્ષી પ્રોજેકટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું, ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. તેમણે કહ્યું, વૈશ્વિક આર્થિક કટોકટી છતાં ભારતે નાણાકીય વર્ષ 2025-26માં 7.7 ટકાનો વિકાસ દર નોંધાવ્યો છે.

(BYTE – PM FINAL-ECONOMY)

તેમણે કહ્યું, દમણમાં પ્રારંભ થઇ રહેલી આ પરિયોજનાઓ ફક્ત કેન્દ્રશાસિત પ્રદેશના વિકાસને વેગ આપશે એટલું જ નહીં પરંતુ યુવાનો માટે વિશાળ નવી રોજગારીની તકો પણ પૂરી પાડશે.

(BYTE - PM-DAMAN-PROJECTS)

પ્રધાનમંત્રીએ દમણ એરપોર્ટ પર નવા ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું અને નમો હોસ્પિટલ રાષ્ટ્રને સમર્પિત કરી હતી. આ પહેલા પ્રધાનમંત્રીએ સુરતમાં 18 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ માળખાગત પરિયોજનાઓનો શુભારંભ કરાવ્યો હતો.

## MINISTRY OF AGRICULTURE – 'KHET BACHAO ABHIYAN'

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું કે, દેશભરમાં અત્યાર સુધીમાં નવ લાખ ૪૨ હજારથી વધુ ખેડૂતો "ખેત બચાવો અભિયાન" માં જોડાયા છે. સંતુલિત ખાતરના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલ આ અભિયાન હવે એક જન આંદોલનમાં પરિવર્તિત થઈ રહ્યું છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૭ હજાર ૮૦૦થી વધુ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ આશરે સાત લાખ ખેડૂતોને મળ્યો છે. ત્રણ હજાર ૭૦૦થી વધુ તાલીમ કાર્યક્રમો દ્વારા એક લાખ ૫૦ હજારથી વધુ સહભાગીઓને સંતુલિત ખાતરના ઉપયોગ, માટી આરોગ્ય વ્યવસ્થાપન અને વૈજ્ઞાનિક ખેતી અંગે માહિતી પૂરી પાડવામાં આવી છે.

## JAISHANKAR NEPAL MEET

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર આજે નવી દિલ્હીમાં નેપાળના વિદેશ મંત્રી શિશિર ખાનલ સાથે વાતચીત કરશે. નેપાળના વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, બેઠક દરમિયાન બંને પક્ષો વેપાર, રોકાણ, જોડાણ, ઉર્જા અને લોકો વચ્ચેના સંબંધો સહિતના મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવાના પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

શ્રી કનાલ હાલમાં ભારતની ત્રણ દિવસની મુલાકાતે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, આ મુલાકાત ભારત અને નેપાળ વચ્ચેની ખાસ ભાગીદારીને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે.

દરમિયાન, નેપાળના વિદેશ મંત્રી શિશિર ખાનલ ગઈકાલે નવી દિલ્હીમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને મળ્યા હતા. ભારતમાં નેપાળ દૂતાવાસના જણાવ્યા અનુસાર, બંને અધિકારીઓએ નેપાળ-ભારત દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાના હેતુથી વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી છે.

## PAKISTAN-UNSC-INDIA

જમ્મુ અને કાશ્મીર અંગે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા નિવેદનોનો ભારતે કડક શબ્દોમાં વિરોધ કર્યો છે અને તેને સંપૂર્ણપણે ફગાવી દીધા છે.

ભારતે જણાવ્યું કે, પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીર વિશે ખોટી વાતો ફેલાવવા માટે યુએન સુરક્ષા પરિષદ (UNSC) ના તેના કામચલાઉ સભ્યપદનો દુરુપયોગ કરી રહ્યું છે અને તેણે તેની જવાબદારીઓનું ધ્યાન રાખવું જોઈએ. ભારતના સ્થાયી પ્રતિનિધિ પી હરીશે કહ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીર ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ હતો, છે અને હંમેશા રહેશે.

## CBSE EXTEND DATE

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ માર્ક્સ વેરિફિકેશન અને રિ-મૂલ્યાંકન માટે અરજી સબમિટ કરવાનો સમય આવતીકાલ સુધી લંબાવ્યો છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં બોર્ડે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ હવે રવિવાર મધ્યરાત્રિ સુધી તેમની અરજીઓ સબમિટ કરી શકે છે. CBSE એ જણાવ્યું હતું કે,

વિદ્યાર્થીઓના હિતમાં તેમને અરજી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે વધારાનો સમય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આજે અરજીઓ સબમિટ કરવાની અંતિમ તારીખ હતી.

CBSE એ તમામ પાત્ર વિદ્યાર્થીઓને વિસ્તૃત સમયમર્યાદાની નોંધ લેવા અને નિર્ધારિત સમયમાં અરજી પ્રક્રિયા પૂર્ણ કરવાની સલાહ આપી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PUTIN-ZELENSKY TALKS

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વ્લોદીમીર ઝેલેન્સકી સાથે રૂબરૂ વાતચીતના પ્રસ્તાવને નકારી કાઢતા જણાવ્યું કે, હાલમાં આવી મુલાકાતનો કોઈ અર્થ નથી. પુતિને ગઈકાલે સેન્ટ પીટર્સબર્ગમાં રશિયાના મુખ્ય આર્થિક મંચ દરમિયાન આ ટિપ્પણી કરી હતી.

તાજેતરમાં ઝેલેન્સકીએ એક પત્ર દ્વારા બંને નેતાઓ વચ્ચે યુદ્ધનો અંત લાવવા માટે રૂબરૂ મુલાકાતની અપીલ કરી હતી. ઝેલેન્સકીએ જવાબ આપતા કહ્યું કે, પુતિનના તેમના પ્રસ્તાવને નકારવાથી જણાય છે કે, રશિયા યુદ્ધનો અંત લાવવાની ઇચ્છા ધરાવતુ નથી.

## US IRAN - CLASH

અમેરિકન દળોએ હોર્મુઝની સામુદ્રધુની નજીક ઈરાનના દરિયાકાંઠાના સર્વેલન્સ રડાર સ્થાપનો પર હુમલો કર્યો છે. આ હુમલો પ્રાદેશિક દરિયાઈ વાહનવ્યવહારને નિશાન બનાવતા ઈરાનના ચાર ડ્રોનને તોડી પાડ્યા બાદ કરવામાં આવ્યો છે.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું કે, ભવિષ્યના હુમલાઓ સામે બચાવ કરવા માટે તેણે ગોરુક અને કેશમ ટાપુ પર આવેલા ઈરાનના દરિયાકાંઠાના સર્વેલન્સ રડાર સ્થળો પર હુમલો કર્યો છે.

## UNITED NATIONS PEACEKEEPING AWARD

યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ દ્વારા ભારતીય શાંતિદૂત મેજર અભિલાષા બરાકને પ્રતિષ્ઠિત ૨૦૨૫ સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય લૈંગિક સમાનતા સમર્થક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

લેબનાનમાં સંયુક્ત રાષ્ટ્રના વચગાળાના દળમાં ભારતીય બટાલિયનમાં ફરજ બજાવતા મેજર બરાકને સંયુક્ત રાષ્ટ્ર શાંતિદૂતોના આંતરરાષ્ટ્રીય દિવસ નિમિત્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

મેજર બરાક ભારતીય સેનાના પ્રથમ મહિલા લડાકુ હેલિકોપ્ટર પાયલોટ પણ છે. આ એવોર્ડ મેળવનારા મેજર બરાક ત્રીજા ભારતીય છે. આ પહેલા ૨૦૧૯માં મેજર સુમન ગવાની અને ૨૦૨૩માં મેજર રાધિકા સેનને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

# NOMINATIONS – PADMA AWARDS

પદ્મ પુરસ્કારો 2027 માટે નામાંકન માટે ઓનલાઈન અરજીઓ આગામી મહિનાની 31મી તારીખ સુધી રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ પર મોકલી આપવાની રહેશે. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, પદ્મ પુરસ્કારો માટે અરજીઓ અને ભલામણો મોકલવાની પ્રક્રિયા 15 માર્ચથી શરૂ થઈ હતી. દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાં પદ્મ પુરસ્કારોમાં પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રીનો સમાવેશ થાય છે.

આ પુરસ્કાર કલા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, તબીબી, સમાજ સેવા, વિજ્ઞાન અને એન્જિનિયરિંગ, જનસંપર્ક, સિવિલ સર્વિસ તેમજ વેપાર અને ઉદ્યોગ જેવા તમામ ક્ષેત્રો અને વિષયોમાં વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓ તથા સેવા માટે આપવામાં આવે છે. મંત્રાલયે જણાવ્યું કે, સરકાર પદ્મ પુરસ્કારોને "જનતાના પદ્મ" બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# CHESS-PRAGGNANANDHA

ચેસમાં, ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાંધાએ ઓસ્લોમાં જર્મનીના વિન્સેન્ટ કેમર સામે છેલ્લા તબક્કામાં જીત મેળવીને નોર્વે ચેસ ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય બનીને ઇતિહાસ રચી દીધો છે.

નોર્વે ચેસમાં બીજી વખત ભાગ લેતા પ્રજ્ઞાનંધાએ સ્પર્ધા દરમિયાન વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસન સામે બે ક્લાસિકલ જીત મેળવી છે. આર્માગેડન 17 પોઈન્ટ સાથે બીજા સ્થાને, જ્યારે ફિરોઝજા 15.5 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા.

ડી. ગુકેશ માટે આ અભિયાન નિરાશાજનક રહ્યું હતું, જ્યારે કાર્લસન અંતિમ રાઉન્ડમાં પ્રજ્ઞાનાંધા સામે હાર્યા બાદ 13 પોઈન્ટ સાથે પાંચમા સ્થાને રહ્યા હતા.

# SAFF WOMEN'S CHAMPIONSHIP

આજે ગોવાના મારગાઓ ખાતે SAFF મહિલા ફૂટબોલ ચેમ્પિયનશિપની ફાઇનલમાં ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 6:30 વાગ્યે રમાશે.

અગાઉ, ભારતે સેમિફાઇનલમાં ભૂટાનને 1-0થી હરાવીને ફાઇનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હતું. ભારતે અત્યાર સુધીમાં પાંચ વખત આ ટાઇટલ જીત્યું છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

1. આજના મોટાભાગના અખબારોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગુજરાત અને દમણની મુલાકાત અંગેના સામાચારને હેડલાઇનમાં સ્થાન આપ્યું છે.
2. પ્રધાનમંત્રીના નિવેદનને ટાંકીને દિવ્ય ભાસ્કર લખે છે – ભારતના વિકાસનો મંત્ર... પ્રકૃતિ સાથે પ્રગતિ, ઈકોનોમી સાથે ઇકોલોજી
3. નવગુજરાત સમય લખે છે – 7.7 ટકા વૃદ્ધિ અર્થતંત્રના મજબૂત પાયાનો પુરાવો: **PM** મોદી
4. સંદેશની હેડલાઇન છે – કોંગ્રેસશાસિત રાજ્યો મુશ્કેલીમાં, વડાપ્રધાન મોદીના ચાબખા
5. આ ઉપરાંત સરકારી બોન્ડમાં વિદેશી રોકાણ પરનો કેપિટલ ગેઇન ટેક્સ નાબૂદ, ભારત મુદ્દે રશિયા - અમેરિકા સામસામે અને મણિપુરમાં ફરી હિંસા સહિતના સમાચારો વિવિધ અખબારોમાં પહેલા પાને વાંચવા મળી રહ્યા છે
6. સ્થાનિક પાને **RTE**માં વધુ 4 હજાર 244 બાળકોના પ્રવેશ : હજુ 7 હજાર 22 બેઠકો ખાલી આ સમાચારને ગુજરાત સમાચારે આવરી લીધા છે.